## <u>ફોર્મ–એ</u>

सत्यमेव जयते

# વિરમગામના મહે. છઠ્ઠાં એડિ. ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ (એચ. એ.ઉપાધ્યાય) સાહેબશ્રીની કોર્ટમાં, તા.વિરમગામ, જિ.અમદાવાદ.

## <u>ચુકાદાની તા.૦૬/૦૫/૨૦૨૬</u>

પોક્સો કેસ નં.૧૫/૨૦૨૫

(F.I.R.ની વિગત/ગુનો અને પોલીસ સ્ટેશન)
દેત્રોજ પોલીસ સ્ટેશન ગુના રજિસ્ટર નં.: ૧૧૧૯૨૦૧૭૨૫૦૨૭૩/૨૦૨૫
ગુનો:બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(આઈ),૭૫(i)(ii),૭૫(૨), ૭૬ તથા પોક્સો એક્ટ ની કલમ–૪, ૫(જે)(૨),૬, ૮, ૧૨ મુજબ.

પોલીસ સ્ટેશન: દેત્રોજ, જિ.અમદાવાદ.

| | |
|---|---|
| ફરિયાદી | શ્રીસરકાર |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્વાન એ.પી. પી.શ્રી એચ. આર. સોલંકી |
| આરોપી | **કમલેશજી સોનાજી ઠાકોર,** ઉ.વ.૨૭,<br>રહે.: ધાનોટ ગામ, તા.કલોલ,જી.ગાંધીનગર.<br>મુળ રહે.કુકવાવ ઠાકોરવાસ, તા.દેત્રોજ, જી.અમદાવાદ. |
| આરોપી તરફે | વિ. વકીલશ્રી સી.ઓ.વ્યાસ |

## <u>ફોર્મ–બી</u>

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૦૧/૧૨/૨૦૨૪ |
| ફરિયાદની તારીખ | ૧૨/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૨૫/૦૮/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૮/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૦૨/૦૧/૨૦૨૬ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | ૨૭/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૬/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | – |

## આરોપીની વિગત:–

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસૂરવાર | શું સજા કરી | CRPCની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કેદી તરીકે રહેલાં છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | કમલેશજી સોનાજી ઠાકોર | ૧૩/૦૭/૨૫ | યુ.ટી.પી. | બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(આઈ) ૭૫(i)(ii),૭૫ (૨) ૭૬ તથા પોક્સો એક્ટ ની કલમ – ૪, ૫ (જે)(૨), ૬, ૮,૧૨ | શંકાનો લાભ | આખરી હુકમ મુજબ | – |

## ફોર્મ–સી

## ફરિયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટ:

| અનુ. નં. | આંક | નામ | પુરાવોનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૧૧ | ભોગ બનનારનો સોગંદ ઉપરનો પુરાવો | ભોગ બનનાર |
| ૨. | ૧૩ | લીલાબેન વા/ઓ બળદેવજી ઠાકોરનો સોગંદ ઉપરનો પુરાવો | ફરીયાદી |
| ૩. | ૧૫ | રોહીતજી બળદેવજી ઠાકોરનો સોગંદ ઉપરનો પુરાવો | સાહેદ |
| ૪. | ૧૭ | ડૉ.અર્ષી અબ્દુલકાદર મોઠાનો સોગંદ ઉપરનો પુરાવો | તબીબ સાહેદ |
| ૫. | ૨૦ | સંગીતાબેન ઉર્ફે અંકીબેન રમેશજી ઠાકોરનો સોગંદ ઉપરનો પુરાવો | સાહેદ |
| ૬. | ૨૧ | કમલેશભાઈ છેલાભાઈ વિરાણીનો સોગંદ ઉપરનો પુરાવો | પંચ સાહેદ |
| ૭. | ૨૩ | મહાવીરસીંહ ઈન્દરસીંહ સોલંકીનો સોગંદ ઉપરનો પુરાવો | પંચ સાહેદ |
| ૮. | ૨૮ | દશરથસીંહ રાજુભા ઝાલાનો સોગંદ ઉપરનો પુરાવો. | પંચ સાહેદ |
| ૯. | ૩૨ | સંજયદાન અશોકભાઈ ગઢવીનો સોગંદ ઉપરનો પુરાવો. | ત.ક.અ.સાહેદ |

## ફરિયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના આંકે પડેલ દસ્તાવેજો:

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | ૧૨ | બી.એન.એસ.એસ.નીકલમ–૧૮૩ મુજબનું નિવેદન |
| ૨. | ૧૪ | ફરીયાદ |
| ૩. | ૧૮ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૪. | ૨૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૫. | ૨૪ | આરોપીની શરીર સ્થિતીનું તથા આરોપીના કપડા કબ્જે કર્યા અગેનું પંચનામુ |
| ૬. | ૨૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૭. | ૨૬ | ભોગ બનનારના કપડા કબ્જે કર્યા અંગેનું પંચનામુ. |
| ૮. | ૨૯ | વિડીયોગ્રાફી કબ્જે કર્યા અંગેનું પંચનામુ |
| ૯. | ૩૩ | યાદી |
| ૧૦. | ૩૪ | એફ.એસ.એલ.સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૧૧. | ૩૫ | ફેરબદલી ફોર્મ |
| ૧૨. | ૩૬ | કાયદાની કલમ–૬૩(૪–સી)નું પ્રમાણપત્ર વીડીયોગ્રાફી કરનારનું |
| ૧૩. | ૩૭ | મુદ્દામાલ રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| ૧૪. | ૩૮ | એફ.એસ.એલ.ને મળેલ મુદ્દામાલની પહોંચ |
| ૧૫. | ૩૯ | મુદ્દામાલ રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| ૧૬. | ૪૦ | એફ.એસ.એલ.ને મળેલ મુદ્દામાલની પહોંચ |
| ૧૭. | ૪૧ | ભોગ બનનારનું એલ.સી. |
| ૧૮. | ૪૨ | મુદ્દામાલ રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| ૧૯. | ૪૩ | એફ.એસ.એલ.ને મળેલ મુદ્દામાલની પહોંચ |
| ૨૦. | ૪૪ | આઈડેન્ટીફીકેશન ફોર્મ ભોગ બનનાર તથા તેના નવજાત શીશુનાં |
| ૨૧. | ૪૫ | ચાર્જશીટ કરવાની મંજુરી આપતો પત્ર |
| ૨૨. | ૪૮ | એફ.એસ.એલ.ફોરવર્ડીંગ લેટર તથા બાયોલોજી સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ |
| ૨૩. | ૪૯,૫૦ | એફ.એસ.એલ.ફોરવર્ડીંગ લેટર તથા બાયોલોજી સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ |

## – : : મુદ્દામાલ : : –

| અનુ.નં. | મુદ્દામાલ | વર્ણન |
|---|---|---|
| **મુદ્દામાલ પાવતી નં. 1/2025, DT.13/07/2025** | | |

| | |
|---|---|
| ૧. | (૧) એક કપડાની બેગીમાં એક ગુલાબી કલરનું ગળાના ભાગે સફેદ કલરની ડીઝાઈન વાળુ કોલર વગરનું ટોપ છે. જે ટોપ જુના જેવુ છે. જે ટોપ આગળના ભાગે તેમજ પાછળના ભાગે છીદ્ર વાળુ છે જે ટોપ ઉપર ઝીણવટ ભરી રીતે જોતાં તેની ઉપર કોઈ નોંધપાત્ર નિશાનો જણાતા નથી. જે શીલબંધ છે. જેને માર્ક એ–૧ આપેલ છે તે.<br>(૨) એક કપડાની બેગીમાં એક આછા વાદળી કલરની સફેદ પટ્ટીઓ વાળી લેગીશ છે. જે લેગીશ ઉપર જોતાં કોઈ નોંધપાત્ર નિશાનો જણાતા નથી. જે શીલબંધ છે. જેને માર્ક એઅર આપેલ છે તે.<br>(૩) એક કપડાની બેગીમાં એક છીંકણી તથા કાળા કલરની પટ્ટીઓ વાળો નીકર છે. જે નીકર ઉપર જોતાં કોઈ નોંધપાત્ર નિશાનો નથી. જે શીલબંધ છે. જેને માર્ક એ–૩ આપેલ છે તે.<br>(૪) એક કપડાની બેગીમાં એક લાલ તેમજ કાળા કલરની બ્રા છે. જે બ્રા ના આગળના ભાગે સફેદ રંગના દોરા વડે ટાંકા લીધેલ છે. જે બ્રા ઉપર જોતાં કોઈ કોઈ નોંધપાત્ર નિશાનો નથી. જે શીલબંધ છે. જેને માર્ક એ–૪ આપેલ છે તે. |

**મુદ્દામાલ પાવતી નં.2/2025,DT.13/07/2025**

| | | |
|---|---|---|
| ૨. | (૧) | એક કપડાની બેગીમાં એક ગ્રે તથા વાદળી કલરની અડધી બાયની ટી–શર્ટ છે. જેના ઉપર સફેદ તથા લાલ કલરની લાઈનીં ગ વાળી ડિઝાઈન છે જે ટી–શર્ટ જુની મેલા જેવી છે. જે ટી–શર્ટ ઉપર જોતાં કોઈ દેખીતા નિશાનો જણાતા નથી. જે શીલબંધ છે. જેને માર્ક બી–૧ આપેલ છે તે. |
| | (૨) | એક કપડાની એક આછા વાદળી કલરનું સાદુ પેન્ટ છે જે પેન્ટ જુનુ મેલા જેવુ છે. જે પેન્ટ ઉપર જોતાં કોઈ દેખીતા નિશાનો જણાતા નથી. જે શીલબંધ છે. જેને માર્ક બી–૨ આપેલ છે તે. |
| | (૩) | એક કપડાની બેગીમાં એક વાદળી કલરનો નીકર છે જે નીકરનાં ઉપરનાં પટ્ટીનાં ભાગે અંગ્રેજીમાં લાલ અક્ષરમાં FIGHTER લખેલ છે. જે નીકર જુનુ મેલા જેવુ છે. જે નીકર ઉપર જોતાં કોઈ દેખીતા નિશાનો જણાતા નથી. જે શીલબંધ છે. જેને માર્ક બી–૩ આપેલ છે તે. |

**મુદ્દામાલ પાવતી નં.3/2025,DT.20/07/2025**

| | | |
|---|---|---|
| ૩. | (૧) | એક પ્લાસ્ટીકનાં ડબ્બામાં એક SANDISK કંપનીની 32 GB |

| મુદ્દામાલ પાવતી નં.3/2025,DT.20/07/2025 | | |
|---|---|---|
| | | સાઈઝની પેનડ્રાઈવમાં તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ ભોગ બનનાર બેન નાઓનું ગુના સંબંધે લીધેલ નિવેદનની વીડીયો ગ્રાફી છે. જે એક પ્લાસ્ટીકના ડબ્બામાં શીલબંધ છે તે. |

## – : : જ જ મે ન્ટ : : –

**(૧)** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૨/૦૭/૨૦૨૫ થી આશરે આઠેક મહીના પહેલા ડીસેમ્બર–૨૦૨૪ માં બપોરનાં આશરે ચારેક વાગ્યાના સુમારે મોજે કુકવાવ ગામે આવેલ રડુ નામના ખરાબામાં બાવળની ઝાડીઓમાં આ કામના ફરીયાદીની દીકરી ભોગ બનનાર નાઓને બળજબરી પૂર્વક તેની મરજી વિરુધ્ધ શારીરીક અડપલા કરી તેણીની સાથે શારીરીક સંબંધ બાંધી તેણીનીને ગર્ભ રાખી દઈ ડોકટરી તપાસણીમાં આશરે આઠ મહીનાનો ગર્ભ માલુમ થયેલ હોય તેમજ ફરીયાદીની દીકરીનું જાતીય શોષણ કરી ગુનો કરી, આરોપીએ બી.એન.એસ.ની કલમ– ૬૪(૨)(આઈ), ૭૫(i)(ii), ૭૫(૨), ૭૬ તથા પોક્સો એક્ટની કલમ–૪, ૫(જે)(૨), ૬, ૮,૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જે અન્વયેનો ગુનો દેત્રોજ પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૧૯૨૦૧૭૨૫૦૨૭૩/૨૦૨૫ થી રજિસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યાર બાદ ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીએ લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો નોંધી આરોપી સામે પ્રથમ દર્શનીય પુરાવો જણાય આવતો હોઈ આરોપી સામે નામ.કોર્ટમાં ઉપર મુજબ ગુનાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

**(૨)** ઉપરોક્ત મુજબની ફરિયાદ ફરિયાદીએ લખાવ્યા મુજબ દેત્રોજ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીશ્રીએ લખી લઈ તે આધારે ગુનો રજિસ્ટર્ડ કરી, આગળની કાર્યવાહી કરી તપાસના અંતે આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ– ૬૪(૨)(આઈ), ૭૫(i)(ii), ૭૫(૨), ૭૬ તથા પોક્સો એક્ટની કલમ–૪, ૫(જે)(૨), ૬, ૮,૧૨ મુજબના ગુના અંગેનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં કરવામાં આવેલું.

**(૩)** ત્યાર બાદ નામદાર કોર્ટ દ્વારા આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે ચાર્જશીટ તથા પોલીસ તપાસના તમામ કાગળની નકલો આરોપીને મળી ગયેલાંની ખાતરી કરેલ તથા પોક્સો એક્ટની જોગવાઈ અન્વયે ફરિયાદીને પણ નોટિસ કાઢી

બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે ચાર્જશીટ તથા પોલીસ તપાસના તમામ કાગળની નકલો આપવામાં આવેલ છે.

**(૪)** ત્યારબાદ આ કામના આરોપી જામીન મુકત હોઈ આરોપીને સમન્સ કાઢતાં તેની બજવણી થતાં આરોપી હાજર થયેલાં. જે અન્વયે નામદાર કોર્ટ દ્વારા આરોપી વિરુદ્ધ **આંક–૦૭** થી તહોમતનામું ફરમાવવામાં આવેલ, તેમજ આરોપીનું **આંક–૦૮** અન્વયે નિવેદન લેતાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરી અને પોતે કેસ આગળ ચલાવવા માંગતા હોય, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી સેશન્સ ટ્રાયેબલ તરીકે શરૂ કરીને પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૫)** આ સિવાય ફરિયાદ પક્ષે વિશેષ કોઈ પુરાવો રજૂ થયેલ નથી અને ફરિયાદ પક્ષ વધુ પુરાવો આપવા માંગતા ન હોય **આંક–૫૧** અન્વયે રજૂ થયેલ કલોઝીંગ પુરસીસને આધારે ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ અને કોર્ટ સમક્ષ રજૂ થયેલ પુરાવો લક્ષ્યમાં લેતાં આરોપી વિરુદ્ધ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયેનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ. જે અન્વયે આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાને સમગ્રપણે ઈન્કાર કરેલ છે. ત્યાર બાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એચ. આર. સોલંકી તેમજ આરોપી તરફે વિ. વકીલશ્રીને સાંભળ્યા.

**(૬)** ફરિયાદ પક્ષ તરફે વિ. એ. પી. પી. શ્રી એચ. આર. સોલંકીએ તેમની દલીલમાં જણાવે છે કે, આરોપીએ ફરિયાદીની સગીર વયની ભોગ બનનાર દીકરી નાઓને બળજબરી પુર્વક તેની મરજી વિરુધ્ધ શારીરીક અડપલા કરી તેણીની સાથે શારીરીક સંબંધ બાંધી તેણીનાને ગર્ભ રાખી દઈ ડોકટરી તપાસણીમાં આશરે આઠ મહીનાનો ગર્ભ માલુમ થયેલ હોય તેમજ ફરીયાદીની દીકરીનું જાતીય શોષણ કરી ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. વધુમાં, સદર કામે તપાસ કરનાર અમલદારના સોગંદ ઉપરના પુરાવામાં પંચનામા તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ સાબીત થયેલ છે. તેવી જ રીતે આ કામે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પ્રકારના મેડીકલ પુરાવાથી આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રજૂ થાય છે. જેથી આરોપીએ પોક્સો એક્ટ અન્વયે ગંભીર ગુનો કરેલો હોય સજા કરવા રજૂઆત કરેલી છે.

**(૭)** સદર કામે આરોપી તરફે વિ. વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, આ કામે પંચનામાં રજુ કરવામાં આવેલા છે પરંતુ સદર પંચનામાનાં પંચ સાહેદોને ફરીયાદ પક્ષ ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા છે. જેથી સદર પંચનામાં સાબીત થયેલ નથી. તેમજ સદર કામના મુખ્ય સાક્ષી કહી શકાય તે ખુદ ભોગ બનનાર તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં

,આજથી આઠ મહીના પહેલા તેઓ કુકવાવ ગામે ઘરે કુદરતી હાજતે બાવળની ઝાડીમાં ગયેલી. ત્યારે તેમની સાથે કોઈ ઈસમે ખરાબ વર્તન કરી તેમની સાથે દુષ્કર્મ કરેલ હોય તેવુ બનેલ નહી. તેમને આવા કોઈ ઈસમનું તેઓએ નામ સરનામુ જાણેલુ નહી હોવાની હકીકત જણાવેલ છે. આમ, ભોગ બનનાર ખુદ ફરિયાદ હકીકતને સમર્થન આપતાં નથી. આ કામે મેડિકલ એવિડન્સ માત્ર સાંયોગિક પુરાવો ગણી શકાય, જેથી માત્ર તેના પર આધાર રાખીને આરોપીને સજા થઈ શકે નહિં. જે સંજોગોમાં આરોપી વિરુદ્ધનો કેસ શંકારહિત પુરવાર થતો ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

(૮) ઉપરોક્ત હકીકતોને લક્ષમાં લેતાં મારી સમક્ષ નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

## – : : મુદ્દાઓ : : –

**(૧)** શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૨/૦૭/૨૦૨૫ થી આશરે આઠેક મહીના પહેલા ડીસેમ્બર–૨૦૨૪ માં બપોરનાં આશરે ચારેક વાગ્યાના સુમારે મોજે કુકવાવ ગામે આવેલ રડુ નામના ખરાબામાં બાવળની ઝાડીઓમાં આ કામના ફરીયાદીની દીકરી ભોગ બનનાર નાઓને બળજબરી પૂર્વક તેની મરજી વિરુધ્ધ શારીરીક અડપલા કરી તેણીની સાથે શારીરીક સંબંધ બાંધી તેણીનીને ગર્ભ રાખી દઈ ડોકટરી તપાસણીમાં આશરે આઠ મહીનાનો ગર્ભ માલુમ થયેલ હોય તેમજ ફરીયાદીની દીકરીનું જાતીય શોષણ કરી ગુનો કરી, આરોપીએ બી.એન.એસ.ની કલમ– ૬૪(૨)(આઈ), ૭૫(i)(ii), ૭૫(૨), ૭૬ તથા પોક્સો એક્ટની કલમ–૪, ૫(જે)(૨), ૬, ૮,૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

**(૯) ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે :**

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

## – : : નિર્ણયના કારણો : : –

**મુદ્દા નં.૧ ની ચર્ચા :–**

**(૧૦)** ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલાં ન્યાય શાસ્ત્રનો સિદ્ધાંત ધ્યાને લેતાં ફોજદારી કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ આરોપી વિરુદ્ધ વ્યાજબી શંકાથી પર અને સચોટપણે પુરવાર કરવાનો હોય છે.

**(૧૧)** આ કામે પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો તેમજ રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(આઈ),૭૫(i)(ii), ૭૫(૨), ૭૬ તથા પોક્સો એક્ટની કલમ–૪, ૫(જે)(૨), ૬, ૮,૧૨ મુજબના ગુનાના આક્ષેપો છે. જે ગુનાઓ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના સાહેદો તપાસવામાં આવેલાં છે.

<u>**(૧૨) ભોગ બનનાર સાહેદ નં.૧ નો પુરાવો :**</u>

ફરિયાદ પક્ષ તરફે ભોગ બનનાર સાહેદને આંક–૧૧ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવેલો છે. તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આજરોજ તેઓ તેમની માતા અને ભાઈ સાથે કોર્ટમાં આવેલ છે અને તેમની માતા કોર્ટ રૂમમાં હાજર છે. તેઓ ત્રણ બહેનો તથા બે ભાઈ છે. બહેનોમાં સૌથી નાની તેણી છે. તેઓ તેમના માતા–પિતા સાથે રહે છે અને ધોરણ–૬ સુધીનો અભ્યાસ કરેલ છે. તેમના ઘરમાં તેમના ભાઈઓ નોકરી કરે છે. તેમના પિતા માનસીક રીતે સ્વસ્થ નથી. જેથી ઘરે હોય છે. તેમની માતા મજુરીકામ કરે છે. આજથી આઠ માસ પહેલા તેઓ કુકવાવ ગામે ઘરે કુદરતી હાજતે બાવળની ઝાડીમાં ગયેલી. ત્યારે તેમની સાથે કોઈ ઈસમે ખરાબ વર્તન કરી તેમની સાથે દુષ્કર્મ કરેલ હોય તેવુ બનેલ નહી. તેમને આવા કોઈ ઈસમને અવાર નવાર મળવાનું થતુ નહી. આવા કોઈ ઈસમનું તેઓએ નામ સરનામુ જાણેલુ નહી. આરોપીને ઓળખતી નથી. પોલીસે તેમની પુછપરછ કરેલ હોય તેવુ તેમને હાલ યાદ નથી. પોલીસ સીવાય અન્ય કોઈ જગ્યાએ તેમને જવાનું થયેલ હોય અને ત્યાં કોઈ સાહેબે તેમની પુછપરછ કરી અંગુઠો કે સહી કરાવેલ હોય તેવુ યાદ નથી. પોલીસે તેમના કોઈ કપડા કબ્જે લીધેલ હોય તેવુ બનેલુ નહી. પોલીસ તેમને ડોકટર પાસે લઈ ગયેલી. ડોકટરે તેમની પુછપરછ કરેલી. બનાવ બાબતે તેમની માતાએ ફરીયાદ લખાવેલી તેવુ પાછળથી તેઓએ જાણેલ. તેમને સીલબંધ ખાખી કવર તોડીને તેમાંથી બી.એન.એસ.કલમ–૧૮૩ મુજબનું નિવેદન બતાવવામાં આવે છે. જેના દરેક પાના ઉપર તેમનો અંગુઠો કરેલો છે. જે આ કામે આંક–૧૨ થી રજુ કરવામાં આવેલ છે. હાલમાં તેઓ એકદમ સ્વસ્થ અને તંદુરસ્ત છે.

તેમને શારીરીક કોઈ તકલીફ નથી.

ફરિયાદ પક્ષે ભોગ બનનાર તેઓના પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને સમર્થન આપેલ ન હોય, વિ. એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરી, ઊલટ તપાસ કરવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામાં આવેલ છે. વિ. એ. પી. પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઊલટ તપાસમાં પણ પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને સમર્થન મળે તેવી કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આમ, ઉપરોક્ત ભોગ બનનારનો પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષ પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

ભોગ બનનાર તેઓની બચાવ પક્ષે થયેલ ઊલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે કોઈ તેમની પુછપરછ કરેલ હોય કે તેઓએ પોલીસને કાંઈ લખાવેલ હોય તેવુ બનેલ નહી. તેમની ઉંમર હાલમાં ૨૦ વર્ષની છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણી સાથે આરોપીએ કોઈપણ સમયે તેમની મરજીથી કે તેણીની મરજી વિરુધ્ધ બળજબરી કરેલ હોય કે સંમતિથી શારીરીક સંબંધ બાંધેલ હોય કે બળાત્કાર કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ તેમની સાથે કોઈપણ ખરાબ બનાવ બનેલ તેવી કોઈ હકીકત તેમની માતાને જણાવેલ નથી. તેઓએ ડોકટર પાસે કોઈ હીસ્ટ્રી લખાવેલ નથી તેમજ તેઓએ મેજી.રૂબરૂ પોલીસના જણાવ્યા મુજબની વિગતો લખાવેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી તેમની સાથે કોઈ શારીરીક સંબંધ બાંધેલ નથી કે આરોપી ધ્વારા કોઈ ગર્ભ રહેલ નથી. આરોપીએ તેમની સાથે તેમની ઈચ્છા વિરુધ્ધ કે સંમતીથી કોઈ દુષ્કર્મ કરેલ નથી.

<u>**ભોગ બનનાર સાહેદના પુરાવાનું વિશ્લેષણ:**</u>

આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ભોગ બનનારે તેમની જુબાનીમાં, આજથી આઠ માસ પહેલા તેઓ કુકવાવ ગામે ઘરે કુદરતી હાજતે બાવળની ઝાડીમાં ગયેલી. ત્યારે તેમની સાથે કોઈ ઈસમે ખરાબ વર્તન કરી તેમની સાથે દુષ્કર્મ કરેલ હોય તેવુ બનેલ નહી. તેમને આવા કોઈ ઈસમને અવાર નવાર મળવાનું થતુ નહી. આવા કોઈ ઈસમનું તેઓએ નામ સરનામુ જાણેલુ નહી. આરોપીને ઓળખતી નથી. પોલીસે તેમની પુછપરછ કરેલ હોય તેવુ તેમને હાલ યાદ નથી. પોલીસ સીવાય અન્ય કોઈ જગ્યાએ તેમને જવાનું થયેલ હોય અને ત્યાં કોઈ સાહેબે તેમની પુછપરછ કરી અંગુઠો કે સહી કરાવેલ હોય તેવુ યાદ નથી.

પોલીસે તેમના કોઈ કપડા કબ્જે લીધેલ હોય તેવુ બનેલુ નહી. પોલીસ તેમને ડોકટર પાસે લઈ ગયેલી. ડોકટરે તેમની પુછપરછ કરેલી. બનાવ બાબતે તેમની માતાએ ફરીયાદ લખાવેલી તેવુ પાછળથી તેઓએ જાણેલ. તેમને સીલબંધ ખાખી કવર તોડીને તેમાંથી બી.એન.એસ.કલમ–૧ ૮૩ મુજબનું નિવેદન બતાવવામાં આવે છે. જેના દરેક પાના ઉપર તેમનો અંગુઠો કરેલો છે. જે આ કામે આંક–૧૨ થી રજુ કરવામાં આવેલ છે. હાલમાં તેઓ એકદમ સ્વસ્થ અને તંદુરસ્ત છે. તેમને શારીરીક કોઈ તકલીફ નથી. વધુમાં ભોગ બનનારે તેઓની બચાવ પક્ષે થયેલ ઊલટ તપાસમાં, પોલીસે કોઈ તેમની પુછપરછ કરેલ હોય કે તેઓએ પોલીસને કાંઈ લખાવેલ હોય તેવુ બનેલ નહી. તેમની ઉંમર હાલમાં ૨૦ વર્ષની છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણી સાથે આરોપીએ કોઈપણ સમયે તેમની મરજીથી કે તેણીની મરજી વિરુધ્ધ બળજબરી કરેલ હોય કે સંમતિથી શારીરીક સંબંધ બાંધેલ હોય કે બળાત્કાર કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ તેમની સાથે કોઈપણ ખરાબ બનાવ બનેલ તેવી કોઈ હકીકત તેમની માતાને જણાવેલ નથી. તેઓએ ડોકટર પાસે કોઈ હીસ્ટ્રી લખાવેલ નથી તેમજ તેઓએ મેજી.રૂબરૂ પોલીસના જણાવ્યા મુજબની વિગતો લખાવેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી તેમની સાથે કોઈ શારીરીક સંબંધ બાંધેલ નથી કે આરોપી ધ્વારા કોઈ ગર્ભ રહેલ નથી. આરોપીએ તેમની સાથે તેમની ઈચ્છા વિરુધ્ધ કે સંમતીથી કોઈ દુષ્કર્મ કરેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, ભોગ બનનાર સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન મળતુ નથી. જેથી સદર ભોગ બનનારની જુબાની ઉપર આધાર રાખી હાલના ગુનાના કામે હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમ હું માનું છું.

**<u>(૧૩) ફરીયાદી સાહેદ નં.૨ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે ફરીયાદી સાહેદ લીલાબેન વા/ઓ બળદેવજી ઠાકોરને આંક : ૧૩ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તેમનાં પરીવારમાં ત્રણ દીકરીઓ તથા બે દીકરાઓ છે. ભોગ બનનાર તેમની સૌથી નાની દીકરી છે. તેના લગ્ન કરેલ નથી. બીજી બે મોટી છોકરીઓના લગ્ન કરાવેલ છે. આજથી આશરે ૮–૧૦ માસ પહેલાં તેઓ મજુરી કામે ગયેલ હતી અને તેમના દીકરા નોકરીએ ગયેલ હતા. તેમના પતિ હંમેશા અસ્વસ્થ રહેતા હોઈ તેઓ વધુ સમય ઘરમાં જ રહેતા હોઈ તેઓ ઘરે હતા અને તેમની સૌથી નાની ભોગ બનનાર

દીકરી પણ ઘરે જ હતી. જેથી તેમની દીકરી ઘરની બહાર કયાંય ગયેલી હોય તો તેની તેમને ખબર ન હોય. તેમની દીકરીએ તેઓ મજુરી કામેથી ઘરે આવી ત્યારે તેમને કાંઈ કહેલુ નહી. તેમને કોઈ બાબતે એ અરસામાં કોઈ ફરીયાદ કરેલ નહી. તેમની દીકરીનું થોડા માંસ પછી પેટ ફુલેલુ જણાતાં તેઓએ તેમની દીકરીની પુછપરછ કરેલી તે સમયે પણ તેને તેમને કોઈ ઈસમનું નામ આપેલ નહી તેમજ તેની સાથે કોઈએ ખરાબ કામ કરેલ છે તેવુ તેમને જણાવેલ નહી. તેઓ તેમની દીકરીને લઈને ડોકટર પાસે બતાવવા ગયેલી પરંતુ ડોકટર પાસેથી પણ તેમની દીકરી ગર્ભવતી થયેલ છે તેવુ તેમને ખબર પડેલ નહી. તેમની દીકરી ગર્ભવતી થયેલી છે. તેવુ ડોકટરો પાસે જાણ્યા બાદ તેઓએ પોલીસમાં ફરીયાદ લખાવેલી હોય તેવુ બનેલ નહી. ફરીયાદમાં તેઓએ કોઈ ઈસમનું શક અને વહેમથી કે ભોગ બનનાર તેમની દીકરીની પુછપરછ દરમ્યાન જાણવાથી નામ લખાવેલ હોય તેવુ પણ બનેલ નહી. આરોપીને ઓળખતી નથી. તેમને નિશાની ૪/૧ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેમનો અંગુઠો બતાવતા ઓળખે છે. જે ફરીયાદ આ કામે આંક–૧૪ થી રજુ કરવામાં આવેલ છે. પોલીસ ફરીયાદ બાદ તેમની દીકરીની પોલીસે પુછપરછ કરેલ હોય કે ડોકટર સાહેબે પુછપરછ કરેલ હોય કે અન્ય કોઈ અધિકારીઓએ પુછપરછ કરેલ હોય અને તેઓ સાથે ગયેલ હોય તેવુ બનેલ નહી. તેમની દીકરીના કોઈ કપડા પોલીસે કબ્જે લીધેલ હોય તેવુ તેમને યાદ નથી. બનાવ સમયે તેમની દીકરીની ઉંમર કેટલી હતી તે તેઓ ભણેલા ન હોય તેમને ખબર નથી. તેઓએ તથા તેમની ભોગ બનનાર દીકરીએ ઉચ્ચ અદાલતના હુકમથી તેમની દીકરીને રહેલ ગર્ભનો નિકાલ કરેલ હોય તેવુ બનેલ નહી.

ફરિયાદ પક્ષે સદર ફરીયાદી તેઓની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ ન હોય, વિ. એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરી, ઊલટ તપાસ કરવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામાં આવેલ છે. વિ. એ. પી. પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઊલટ તપાસમાં પણ ફરીયાદની હકીકતને સમર્થન મળે તેવી કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આમ, ઉપરોક્ત ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષ ફરીયાદની હકીકતને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

સદર ફરીયાદી સાહેદે તેઓની બચાવ પક્ષે થયેલ ઊલટ તપાસમાં, તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસમાં તેઓએ ફરીયાદ લખાવેલ નથી. ફરીયાદ

તેમના સગા સંબંધીઓ અને ગામના લોકોએ ભેગા થઈ લખાવેલી. તેમની દીકરીનો જન્મ ઘરે થયેલો. તેઓ ઓછુ ભણેલ હોઈ જે તે સમયે તેમની ભોગ બનનાર દીકરીના જન્મની નોંધણી તેઓએ કરાવેલી નહી. તેમની ભોગ બનનાર દીકરીને સ્કુલમાં પ્રવેશ તેમના સમાજના આગેવાનોએ કાર્યવાહી કરીને ભણવા મુકેલ. તેમની ભોગ બનનાર દીકરી સાથે આરોપીએ કોઈપણ રીતે દુષ્કર્મ કરેલ નથી અને આરોપીના કારણે તેમની દીકરી ગર્ભવતી બનેલ નથી. તેમની દીકરીને તેઓ કયારેય દવાખાને લઈ ગયેલ નથી કે તેની સાથે શારીરીક ચકાસણી માટે ગયેલ નથી. તેઓ આરોપીને ઓળખતી નથી.

**<u>ફરીયાદી સાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદીએ તેમની સરતપાસમાં ફરીયાદ હકીકતને સમર્થનકારક હકીકત જણાવેલ ન હોઈ તેઓની ફરીયાદને સમર્થન મળતુ નથી. તેમજ સદર ફરીયાદી સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં, પોલીસમાં તેઓએ ફરીયાદ લખાવેલ નથી. ફરીયાદ તેમના સગા સંબંધીઓ અને ગામના લોકોએ ભેગા થઈ લખાવેલી. તેમની દીકરીનો જન્મ ઘરે થયેલો. તેઓ ઓછુ ભણેલ હોઈ જે તે સમયે તેમની ભોગ બનનાર દીકરીના જન્મની નોંધણી તેઓએ કરાવેલી નહી. તેમની ભોગ બનનાર દીકરીને સ્કુલમાં પ્રવેશ તેમના સમાજના આગેવાનોએ કાર્યવાહી કરીને ભણવા મુકેલ. તેમની ભોગ બનનાર દીકરી સાથે આરોપીએ કોઈપણ રીતે દુષ્કર્મ કરેલ નથી અને આરોપીના કારણે તેમની દીકરી ગર્ભવતી બનેલ નથી. તેમની દીકરીને તેઓ કયારેય દવાખાને લઈ ગયેલ નથી કે તેની સાથે શારીરીક ચકાસણી માટે ગયેલ નથી. તેઓ આરોપીને ઓળખતી ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર ફરીયાદીના પુરાવાથી ફરીયાદ હકીકતને સમર્થન મળતુ ન હોઈ, બનાવ બનેલ હોવા અંગે શંકા ઉપસ્થિત થાય છે જેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. જેથી સદર ફરીયાદી સાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષ આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રજૂ કરી શકેલા નથી તેમ હું માનું છું.

**<u>(૧૪) સાહેદ નં.૩ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે સાહેદ રોહીતજી બળદેવજી ઠાકોરને આંક-૧૫ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવેલો છે. તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં

તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ બે ભાઈ અને ત્રણ બહેનો છે. ભોગ બનનાર તેમની સૌથી નાની દીકરી છે. તેમની બહેનને તેમની બા આઠ દસ માસ પહેલા કડી ખાતે દવાખાને લઈ ગયેલાંનુ જાણેલુ પરંતુ શું કારણથી લઈ ગયેલા તે તેઓએ જાણેલુ નહી. દવાખાને લઈને આવ્યા બાદ તેમની માતાએ તેમની બહેન ગર્ભવતી છે તેવુ જણાવેલુ નહી. તેમની માતાએ તેમની બેનની પુછપરછમાં કોઈ ઈસમનું નામ તેમને જાણવા મળેલુ નહી. તેમની ભોગ બનનાર બહેન સાથે આવા કોઈ ઈસમે દુષ્કર્મ કરેલ છે કે કેમ તે તેઓએ જાણેલ નહી. તેઓએ તેમની માતાએ પોલીસમાં ફરીયાદ કરેલ છે તેવુ જાણેલ.તેઓ આરોપીને ઓળખતા નથી.

ફરિયાદ પક્ષે સદર સાહેદ તેઓના પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને સમર્થન આપેલ ન હોય, વિ. એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરી, ઊલટ તપાસ કરવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામાં આવેલ છે. વિ. એ. પી. પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઊલટ તપાસમાં પણ પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને સમર્થન મળે તેવી કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આમ, ઉપરોક્ત સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષ પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

સદર સાહેદ તેઓની બચાવ પક્ષે થયેલ ઊલટ તપાસમાં તેઓએ એ હકીકત સ્વીકાર કરેલ છે કે, પોલીસે કોઈ તેમની પુછપરછ કરેલ હોય કે તેઓએ પોલીસને કાંઈ લખાવેલ હોય તેવુ બનેલ નહી. તેમની બહેનની સાથે આરોપીએ કોઈપણ સમયે મરજીથી કે તેની મરજી વિરુધ્ધ બળજબરી કરેલ હોય કે સંમતીથી શારીરીક સંબંધ બાંધેલ હોય કે બળાત્કાર કરેલ હોય તેવુ બનેલ નથી. તેમની ભોગ બનનાર બહેને તેમને કે તેમની માતાને કે અન્ય કોઈ સગા સંબંધીને તેની સાથે કોઈપણ ખરાબ બનાવ બનેલ તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તેમની માતાએ કે તેમની ભોગ બનનાર બહેને તેમને કે તેમની માતાએ તેમની ભોગ બનનાર બહેન સાથે કોઈ દુષ્કર્મ કે કાંઈ ખોટુ થયુ હોય તેવી વાત કરેલ નથી. આરોપી થકી તેમની બહેન ગર્ભ રહેલ હોય તેવુ બનેલ નથી.

**<u>સાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

આમ, સાહેદના પુરાવાની ઉપરોક્ત કરેલ ચર્ચા ધ્યાને લેતાં, સદર સાહેદ તેમની સરતપાસમાં ફરીયાદ હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા નથી. જયારે સદર સાહેદ

તેઓની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં, પોલીસે કોઈ તેમની પુછપરછ કરેલ હોય કે તેઓએ પોલીસને કાંઈ લખાવેલ હોય તેવુ બનેલ નહી. તેમની બહેનની સાથે આરોપીએ કોઈપણ સમયે મરજીથી કે તેની મરજી વિરુધ્ધ બળજબરી કરેલ હોય કે સંમતીથી શારીરીક સંબંધ બાંધેલ હોય કે બળાત્કાર કરેલ હોય તેવુ બનેલ નથી. તેમની ભોગ બનનાર બહેને તેમને કે તેમની માતાને કે અન્ય કોઈ સગા સંબંધીને તેની સાથે કોઈપણ ખરાબ બનાવ બનેલ તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તેમની માતાએ કે તેમની ભોગ બનનાર બહેને તેમને કે તેમની માતાએ તેમની ભોગ બનનાર બહેન સાથે કોઈ દુષ્કર્મ કે કાંઈ ખોટુ થયુ હોય તેવી વાત કરેલ નથી. આરોપી થકી તેમની બહેન ગર્ભ રહેલ હોય તેવુ બનેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર સાહેદ તેઓની પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને સમર્થન આપતાં નથી. તેમજ ભોગ બનનારની જુબાની ધ્યાને લેતાં પણ હાલના સાહેદના પુરાવાના આધારે હાલના ગુનાના કામે ફરિયાદ પક્ષ આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રજૂ કરી શકેલા નથી તેમ હું માનું છું.

**(૧૫) તબીબ સાહેદ નં. ૪ નો પુરાવો :**

ફરિયાદ પક્ષ તરફે સાહેદ ડૉ. અર્ષી અબ્દુલકાદર મોઠાને આંક : ૧૭ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, હાલ તેઓ મેડીકલ ઓફીસર તરીકે દેત્રોજ સી.એચ.સી. ખાતે ફરજ બજાવે છે. કમલેશજી સોનાજી ઠાકોર ઉ.વ.૨૭ ને તા.૧૩/૦૭/૨૫ ના રોજ કલાક ૦૭:૪૫ કલાકે દેત્રોજ પો.સ્ટે.ની પોલીસ યાદી સાથે હે.કો.મેહુલકુમાર એસ.પટેલ, બ.નં.૧૩૦૬ શારીરીક તપાસણી માટે લાવેલા. તેમને તેઓ રૂબરૂ ટુંકમાં હીસ્ટ્રી જણાવેલ કે, આઠ માસ પહેલા ડીસેમ્બર-૨૦૨૪માં સાંજે ૦૪:૩૦ આસપાસ ભોગ બનનાર ત્યાં કુકવાવ ગામે ખરાબામાં બાથરુમ માટે આવેલી હતી. ત્યાં બાવળ જાડી પાસે કમલેશજી ખેતરમાં કામ કરતા હતા. ભોગ બનનારે તેમને બુમ પાડેલ ત્યારે છોકરાએ પાછળથી પકડેલ અને શારીરીક સંબંધ બાવળની ઝાડી પાસે બાંધેલ. ત્યાર પછી બંનેને મળવાનું થયેલ નહી. તેના ઓળખના ચિન્હોમાં જમણા હાથે કુણીના ચાર આંગળી નીચે ઈંગ્લીશમાં ટીની લખેલ ટેટુ હતુ અને ડાબા હાથમાં કોણીના પાંચ આંગળી નીચે કે લખેલ હતો અને સ્ટાર જેવુ ટેટુ હતુ. તેમની ઉંચાઈ ૫ ફુટ હતી, વજન ૫૨ કિ.ગ્રા. હતુ તેની ગુપ્તેન્દ્રી વિકસીત હતી તે શારીરીક તેમજ માનસીક રીતે સ્થિર હતો. શરીર ઉપર અને ગુપ્ત ભાગે ઈજાના

કોઈ નિશાન ન હતા. તેમજ કપડા ઉપર પણ લોહી કે અનચ કોઈ ડાઘા મળી આવેલ ન હતા. આરોપી શારીરીક સંબંધ બાંધવા સક્ષમ હતો. શારીરીક તપાસણી સમયે તેના લોહી, લાળ, માથાના વાળ, બગલના વાળ, ગુપ્ત ભાગના વાળ, નખ, વીર્ય, સ્મીયર સ્લાઈડના નમુના લઈને સીલબંધ હાલતમાં પોલીસને સોંપવામાં આવેલ હતા. બાદ આરોપીએ તેમની હાજરીમાં સહી કરેલ હતી. તપાસણી પહેલા તેઓની સંમતી લેવામાં આવેલી હતી. તેમને નિશાની ૪/૧૦ વાળુ સર્ટી બતાવવામાં આવે છે. જેમાં તેમની સહી બતાવતા ઓળખે છે. જે આ કામે આંક-૧૮ થી રજુ કરવામાં આવેલ છે. વધુમાં તા.૧૨/૦૭/૨૫ ના રોજ દેત્રોજ પોલીસ સ્ટેશનની પોલીસ યાદી સાથે ૦૬:૪૦ કલાકે વુ.પો.કો.પોલીસ યાદી લઈને ભોગ બનનાર ઉ.વ.૧૭ વર્ષ ૧ માસ ૧૨ દિવસ નાને ડોકટર અર્પીત પટેલ પાસે શારીરીક તપાસણી માટે લાવેલા. તે સમયે તેઓ દેત્રોજ સી.એચ.સી.માં તેમની સાથે જ ફરજ બજાવતી હતી. જેથી ડૉ.અર્પીત પટેલના હસ્તાક્ષર તથા સહી ઓળખી શકે છે. ભોગ બનનારે પોતાને તપાસવાની સં મતી આપેલી. ભોગ બનનારે ડૉ.પટેલ સમક્ષ ટુંકમાં હીસ્ટ્રી લાવેલ કે, હું સરપંચના વાડે કુકાવાવ આશરે ૪ વાગ્યાની આસપાસ ૭-૮ મહીના પહેલા સંડાશ જવા ગયેલ ત્યાં કમલેશ સોનાજી ઠાકોર મારા ગામનો પરણીત પુરુષ ઉંમર આશરે ૨૮ વર્ષ આવી મારી જોડે જોર જોર જબરદસ્તી કરી શારીરીક સંબંધ બાંધેલ હતો. તેની જાણ મને ૭-૮ મહીના પછી ગર્ભ રહેતા પ્રેગનન્સી જેવુ લાગતા પડેલી એટલે મેં પ્રાઈવેટ દવાખાને બતાવતા પ્રેગનન્સી પોઝીટીવ આવેલી. મેં આજે કેસ કરવાનું નકકી કરી સવારે ૧૦ વાગયે દેત્રોજ પોલીસ સ્ટેશનમાં કેસ કરેલ. ભોગ બનનારની ઉંચાઈ ૪ ફુટ ૬ ઈંચ હતી. વજન ૪૪.૫૦ કિ.ગ્રા. હતુ તે શારીરીક અને માનસીક રીતે સ્વસ્થ હતી. તેના શરીરે કે ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન ન હતા. ગુપ્ત ભાગે વાળ વિકસીત હતા લોહી કે અન્ય કોઈ ડાઘા તેના કપડામાં જોવા મળેલા નહી તેના છાતીના ભાગે તેમજ પેટના ભાગે ઈજાના કોઈ નિશાન જોવા મળેલા નહી તેના હદયનાં ધબકારા પર મીનીટ ૧૪૬ હતા. પ્રેગનન્સીનો રીપોર્ટ પોઝીટીવ હતો. તેને ૭-૮ મહીના પહેલા માસીક આવેલ હતુ તેની શારીરીક તપાસણી માટે લોહી, લાળ, માથાના વાળ, બગલના વાળ, નખ, વજાઈનલ સ્વેબ, સરવાઈકલ સ્વેબના નમુના લઈ પોલીસને સીલબંધ હાલતમાં સોંપેલ.દર્દીને વધુ તપાસણી માટે સોલા ગાયનેક ડોકટર પાસે જવાની સલાહ આપવામાં આવેલ અને પ્ર ેગનન્સી સ્ટેટસ માટે પણ સલાહ આપવમાં આવેલ. નિશાની ૪/૫ ડૉ.અર્પીત પટેલના

હસ્તાક્ષરમાં લખેલ સર્ટી તેમને બતાવવામાં આવે છે. તેમની સહી બતાવતા ઓળખે છે તથા તેમના હોદ્દાનો રબર સ્ટેમ્પ લગાવેલ છે જે ઓળખે છે. જે આ કામે આંક–૧૯ થી રજુ કરવામાં આવેલ છે.

સદર સાહેદ તેઓની બચાવ પક્ષે થયેલ ઊલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી તપાસણી માટે પોલીસ જાપ્તા સાથે આવેલા. આરોપીને કોઈ બાહ્ય કે આં તરીક ઈજાના નિશાન શરીર પર ન હતા. ભોગ બનનારને પણ કોઈ બાહ્ય કે આંતરીક ઈજાના નિશાન શરીર પર ન હતા. ભોગ બનનારની ઉંમરનો કોઈ પુરાવો માંગેલ નહી. સર્ટીમાં હોદ્દાનું સીલ નથી.

**<u>તબીબ સાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

આમ, તબીબ સાહેદના સોગંદ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં તેઓએ ભોગ બનનાર તથા આરોપીની શારીરિક તપાસ કરેલ હોવાનું જણાય આવે છે. વધુમાં, તેઓએ આપેલ પ્રમાણપત્રમાં તેઓએ તેમની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં સદરહુ તબીબ સાહેદ તેમની આરોપી પક્ષેની ઉલટતપાસમાં, આરોપી તપાસણી માટે પોલીસ જાપ્તા સાથે આવેલા. આરોપીને કોઈ બાહ્ય કે આંતરીક ઈજાના નિશાન શરીર પર ન હતા. ભોગ બનનારને પણ કોઈ બાહ્ય કે આંતરીક ઈજાના નિશાન શરીર પર ન હતા. ભોગ બનનારની ઉંમરનો કોઈ પુરાવો માંગેલ નહી. સર્ટીમાં હોદ્દાનું સીલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદરહુ તબીબ સાહેદે તેઓની ફરજની રૂએ કરવાની થતી તમામ કામગીરી કરેલ હોવાનું તેઓની સોગંદ ઉપરની જુબાની ઉપરથી જણાય આવે છે અને આમ, હાલના સાહેદની જુબાનીથી હાલના કેસના આરોપીને સાંકળતો કોઈ પુરાવો સ્પષ્ટ રેકર્ડ ઉપર જણાઈ આવતો નથી. જેથી સદર સાહેદની જુબાની ઉપર આધાર રાખી આ કામના આરોપીને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી તેમ હું માનુ છુ.

**<u>(૧૬) સાહેદ નં.૫ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે સાહેદ સંગીતાબેન ઉર્ફે અંકીબેન રમેશજી ઠાકોરને આંક–૨૦ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવેલો છે. તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, પાંચેક માસ પહેલા સવારે તેમના ગામથી તેઓ

કુકાવાવ ગામે તેમના મામા બળદેવજી નાથજી ઠાકોર બીમાર હોઈ તેઓ તેમની ખબર કાઢવા તેમના ઘરે આવેલ તે વખતે તેમના મામી લીલાબેન તથા તેમની દીકરી ઘરે હાજર હતા. લીલાબેને તેમને જણાવેલ કે, ભોગ બનનાર તેમની દીકરીને ઘણા સમયથી પેટમાં દુખાવો રહે છે અને તેનુ પેટ ફુલી ગયેલ છે જેથી આપણે તેને દવાખાને બતાવવાં જવુ છે તેવી વાત કરતાં તેઓ તેમની સાથે બપોરના સુમારે કડી ખાતે પુજા હોસ્પિટલ ગયેલા. તેઓ હોસ્પિટલ તેમના મામી અને તેમની દીકરીને મુકીને ઘરે જવા નીકળી ગયેલી. જેથી તેમની દીકરીના સમાચાર ડોકટરે શું આપેલા તે તેઓએ જાણેલા નહી. ભોગ બનનાર તેમના મામાની દીકરીને તેમને કાંઈ પુછપરછ કરવાનું બનેલ નહી અને તેની માતાની હાજરીમાં કે એકલા તેમને તેની સાથે કોઈ અણબનાવ બનેલ હોય તેવુ જણાવેલ નહી. તેઓએ તેમના મામી લીલાબેન કે તેમની દીકરીથી કોઈ ઈસમનું નામ જાણેલુ નહી. તેમના મામાની દીકરીની ઉંમર કેટલી હશે તેની તેમને જાણ નથી. પોલીસે તેમની પુછપરછ કરેલી કે તે તેમને યાદ નથી. તેઓએ કોઈ આરોપીને જોયેલ ન હોય ઓળખતા નથી.

ફરિયાદ પક્ષે સદર સાહેદ તેઓના પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને સમર્થન આપેલ ન હોય, વિ. એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરી, ઊલટ તપાસ કરવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામાં આવેલ છે. વિ. એ. પી. પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઊલટ તપાસમાં પણ પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને સમર્થન મળે તેવી કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આમ, ઉપરોક્ત સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષ પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

સદર સાહેદ તેઓની બચાવ પક્ષે થયેલ ઊલટ તપાસમાં તેઓએ એ હકીકત સ્વીકાર કરેલ છે કે, પોલીસે કોઈ તેમની પુછપરછ કરેલ હોય કે તેઓએ પોલીસને કાંઈ લખાવેલ હોય તેવુ બનેલ નહી. આરોપી ધ્વારા ભોગ બનનારે ગર્ભધારણ કરેલ હોય તેવી કોઈ હકીકત આજરોજ સુધી તેમને જાણવા મળેલ નથી.

**<u>સાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

આમ, સાહેદના પુરાવાની ઉપરોક્ત કરેલ ચર્ચા ધ્યાને લેતાં, સદર સાહેદ તેમની સરતપાસમાં ફરીયાદ હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા નથી. જયારે સદર સાહેદ તેઓની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં, પોલીસે કોઈ તેમની પુછપરછ કરેલ હોય

કે તેઓએ પોલીસને કાંઈ લખાવેલ હોય તેવુ બનેલ નહી. આરોપી ધ્વારા ભોગ બનનારે ગર્ભધારણ કરેલ હોય તેવી કોઈ હકીકત આજરોજ સુધી તેમને જાણવા મળેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર સાહેદ તેઓની પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને સમર્થન આપતાં નથી. તેમજ ભોગ બનનારની જુબાની ધ્યાને લેતાં પણ હાલના સાહેદના પુરાવાના આધારે હાલના ગુનાના કામે ફરિયાદ પક્ષ આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રજૂ કરી શકેલા નથી તેમ હું માનું છું.

**<u>(૧૭) પંચ સાહેદ નં. ૬ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ કમલેશભાઈ છેલાભાઈ વિરાણીને આંક : ૨૧ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તેઓ શોભાસણ ગામે ત.ક.મંત્રી તરીકે છેલ્લે તા.૦૭ એપ્રિલ ૨૦૨૫ થી ફરજ પર છે. તાલુકા વિકાસ અધિકારીનાં ફોનથી પંચનામા અંગે દેત્રોજ પો.સ્ટે. જવાની સુચના મળતાં તેઓ અને બીજા પંચ લાલજીભાઈ ભરવાડ પો.સ્ટે. આશરે ૧ વર્ષ પહેલા ગયેલા. ત્યાં ભોગ બનનાર તથા તેમના માતા હાજર હતા. ત્યાં તેમને પંચનામાની વિગતવાળી ગુનાવાળી જગ્યાએ સરકારી વાહન લઈ જવાની સુચના આપેલી અને સરકારી વાહનમાંથી નીચે ઉતરીને ચાલીને તેમને સદર ગુનાવાળી જગ્યા બતાવેલી. નિશાની ૪/૩ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે. જે પંચનામામાં પંચ નં.૨ તરીકે તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. જે પંચનામુ આ કામે આંક–૨૨ થી રજુ કરવામાં આવેલ છે.

સદર પંચસાહેદ તેઓની બચાવ પક્ષે થયેલ ઊલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ગુનાવાળી જગ્યાએ ગયેલા છે. તેઓ ગુનાવાળી જગ્યાની આજુબાજુની જગ્યાઓ વિશે કહી શકે છે.

**<u>પંચસાહેદના પુરાવાનું વિશ્લેષણ :</u>**

સદર પંચસાહેદનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં, સરતપાસમાં તેમની પંચનામામાં સહીઓ ઓળખી બતાવે છે. તેમજ ઉલટતપાસમાં, તેઓ ગુનાવાળી જગ્યાએ ગયેલા છે. તેઓ ગુનાવાળી જગ્યાની આજુબાજુની જગ્યાઓ વિશે કહી શકતાં હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં જયારે ભોગ બનનાર તેના પુરાવામાં સ્પષ્ટ જણાવે છે કે,તેણી આઠ માસ પહેલા કુકાવાવ ગામે ઘરે કુદરતી હાજતે બાવળની ઝાડીમાં ગયેલી ત્યારે તેણી સાથે કોઈ ઈસમે ખરાબ વર્તન કરી તેણી સાથે દુષ્કર્મ કરેલ હોય તેવુ બનેલ નહી

હોવાનું તેમજ તેણી આરોપીને પણ ઓળખતી ન હોવાની હકીકત જણાવેલ છે ત્યારે હાલના પંચ સાહેદની જુબાનીથી હાલના કામે રજુ કરવામાં આવેલ પંચનામું સાબીત થયેલ માની શકાય નહી તેમ હું માનુ છુ.

**(૧૮) પંચ સાહેદ નં. ૭ નો પુરાવો :**

ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ મહાવીરસીંહ ઈન્દરસીંહ સોલંકીને આંક : ૨૩ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, પો.ઈ.દેત્રોજ નાઓએ સુચના આપતાં પં ચનામામાં દેત્રોજ પો.સ્ટે. જવાનું થયેલુ. તેમને ત્રણેક પંચનામામાં સહી કરવાનું બનેલુ. એક પં ચનામુ આરોપીના કપડા કબ્જે કરેલ તેનું હતુ , એક પંચનામુ ભોગ બનનારના કપડા કબ્જે કરેલ તેનું હતુ, ત્રીજુ પંચનામુ ગુનાવાળી જગ્યાનું હતુ. ગુનાવાળી જગ્યા તેમની હાજરીમાં પોલીસને આરોપીએ બતાવેલી. આરોપીને ઓળખે છે. તેમને નિશાની ૪/૧૧, ૪/૧૨ અને ૪/૧૩ વાળા પંચનામાં બતાવવામાં આવે છે. જે દરેક પંચનામામાં તેમની સહી બતાવતા ઓળખે છે. જે તમામ પંચનામા આ કામે આંક-૨૪ થી આંક-૨૬ સુધીના રજુ કરવામાં આવેલ છે. પંચનામાની વિગતે કબ્જે કરેલ કપડા બતાવતા ઓળખે છે.

સદર પંચસાહેદ તેઓની બચાવ પક્ષે થયેલ ઊલટ તપાસમાં એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, ત્રણેય પંચનામામાં એક જ સમયે સહી કરેલી. તેમના રુબરુમાં કોઈ કપડા કબજે કરવામાં આવેલ નથી. પોલીસ સાથે તેમને કોઈ સરકારી વાહનમાં બેસી કયાંય જવાનું થયેલ નથી અને કોઈએ તેમના રુબરુમાં કોઈ જગ્યા બતાવેલ નથી. આજે તેઓ પંચનામા વાંચીને જુબાની આપે છે.

**પંચસાહેદના પુરાવાનું વિશ્લેષણ:**

સદર પંચસાહેદનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં, સરતપાસમાં તેમની પંચનામામાં સહીઓ ઓળખી બતાવે છે. તેમજ ઉલટતપાસમાં, ત્રણેય પંચનામામાં એક જ સમયે સહી કરેલી. તેમના રુબરુમાં કોઈ કપડા કબજે કરવામાં આવેલ નથી. પોલીસ સાથે તેમને કોઈ સરકારી વાહનમાં બેસી કયાંય જવાનું થયેલ નથી અને કોઈએ તેમના રુબરુમાં કોઈ જગ્યા બતાવેલ નથી. આજે તેઓ પંચનામા વાંચીને જુબાની આપતા હોવાની હકીકતનો ઈનકાર કરેલ છે. વધુમાં જયારે ભોગ બનનાર તેના પુરાવામાં સ્પષ્ટ જણાવે છે કે તેણીના કોઈ કપડા પોલીસે કબજે લીધેલ હોય તેવુ બનેલ ન હોવાની તેમજ તેણી

આરોપીને પણ ઓળખતી ન હોવાની હકીકત જણાવેલ છે ત્યારે હાલના પંચ સાહેદની જુબાનીથી હાલના કામે રજુ કરવામાં આવેલ પંચનામાં સાબીત થયેલ માની શકાય નહી તેમ હું માનુ છુ.

**(૧૯) પંચ સાહેદ નં. ૮ નો પુરાવો :**

ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ દશરથસીંહ રાજુભા ઝાલાને આંક :૨૮ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, એક વર્ષ પહેલા દેત્રોજ પોલીસે બોલાવતા પંચનામામાં સહી કરેલી. પંચનામાની કોઇ કાર્યવાહી તેમના રુબરુ થયેલ નહી. તેઓ રુબરુ પોલીસે કોઇ ચીજવસ્તુ કબ્જે કરેલ નહી. તેમને પેનડ્રાઇવ બતાવવામાં આવે તો ઓળખી શકતા નથી. તેમને નિશાની ૪/૧૩ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી બતાવતા ઓળખે છે. જે પંચનામું આ કામે આંક-૨૯ રજુ કરવામાં આવેલ છે.

ફરિયાદ પક્ષ તરફે આ પંચસાહેદો આંક: ૨૯ થી રજુ પંચનામાની હકીકતોને સમર્થન આપતાં ન હોય ફરિયાદ પક્ષ તરફે તેઓને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલા છે અને તેઓની ઊલટ તપાસ કરતાં તેઓ પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપતાં નથી.

સદર પંચ સાહેદોની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામામાં સહી કર્યા સિવાય બીજુ તેઓ કંઇ જાણતા નથી તેમજ પંચનામાની વિગતે તેમની હાજરીમાં કોઇ કાર્યવાહી કરેલ નથી.

**પંચસાહેદના પુરાવાનું વિશ્લેષણ:**

સદર પંચસાહેદનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં તેઓને પોલીસે પંચનામામાં માત્ર સહી લીધેલી. તે સિવાયની કોઈ પણ હકીકતને સમર્થન કરતો પુરાવો રજૂ કરેલો નથી. તેઓની હાજરીમાં કોઈ પંચનામું કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. જેથી આંક: ૨૯ થી રજૂ પંચનામુ સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

**( ૨૦ ) ત.ક.અ.સાહેદ નં. ૯ નો પુરાવો :**

ફરિયાદ પક્ષ તરફે ત.ક.અ. સાહેદ સંજયદાન અશોકભાઈ ગઢવીને આંક : ૩૨ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તેઓ છેલ્લા એક વર્ષ થી દેત્રોજ પો. સ્ટે. ખાતે પી.આઇ. તરીકે ફરજ બજાવે છે. તા. ૧૨/૦૭/૨૫ ના રોજ ફરીયાદી લીલાબેન બળદેવજી ઠાકોર નાઓએ તેઓ રૂબરૂ પોતાની ભોગબનનાર દીકરીએ પેટમાં દુખાવાની ફરીયાદ કરતા તેઓએ ડોકટર પાસે લઇ જતા અને ડો. શ્રીએ મારી ભોગબનનાર દીકરી ગર્ભવતી હોવાનું કહેતા ત્યાર બાદ તેમની દીકરી ને સમજાવીને વિગતવાર પુછપરછ કરતા બનેલ સાચા

બનાવની હકીકત તેઓને જણાવેલી અને આવું અપકૃત્ય કમલેશ સોનાજી ઠાકોર નાઓએ બળજબરી પુર્વક કરેલ હતું જે બાબતની ફરીયાદ તેઓ રૂબરૂ લખાવાતા ફરીયાદ લખી લેવામાં આવેલ અને તેજ દીવસે ગુનો રજી થતા અને આ ગુનાની તપાસ તેઓ તરફ આવતા તેઓએ આ ગુનાની તપાસ સંભાળી લીધેલ. ત્યાર બાદ ભોગ બનનાર ની ડોકટરી તપાસ તાત્કાલીક કરાવેલ તેની માતા તથા ભાઈનું અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. આરોપીની ધરપકડ કરેલ તેની શરીરી સ્થીતીનું પંચનામું કરેલ તે પહેલા ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. ભોગબનનાર તથા આરોપી ના કપડા તપાસના કામે કબ્જે લીધેલ. ભોગબનાનર નું બી.એન.એસ.એસ કલમ ૧૮૩ મુજબનું નિવેદન લેવડાવવાની તજવીજ કરેલ. ભોગબનનાર ના પ્રાથમીક શારીરીક તપાસણીના પ્રમાણપત્રો ડો. શ્રી પાસેથી મેળવેલ. ભોગબનનાર ને આશરે ૩૨ અઠવાડીનો ગર્ભ હતો તપાસ દરમીયાન ભોગબનનાર અને તેની માતા તેઓ સમક્ષ હાજર થયેલા અને ૩૨ અઠવાડીયાનો ગર્ભ ભોગબનનાર ને હતો તે સ્વેચ્છીક રીતે રાખવા માંગતા નથી તેવી માંગણી કરેલ તેઓની માંગણીના આધારે વિરમગામ સેશન્શ કોર્ટમાં હાજર રહી કાર્યવાહી કરેલ તથા ભોગબનનારની પ્રેગનન્સી અંગે. નામ. ગુજરાત હાઈકોર્ટમાં પણ કાર્યવાહી કરેલ. નામ. ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ સક્ષમ ડો. શ્રીઓની હાજરીમાં સોલા સીવીલ ખાતે ભોગબનનારની ડીલીવરી થયેલ અને બાળકનો જન્મ થયેલો. આ અંગેના ડો. શ્રીઓના પ્રમાણપત્રો પોલીસ તપાસના કામે તેઓએ રજુ કરેલા. તેમને તપાસના કામે ભોગબનનાર ના તથા આરોપીઓના કપડા બતાવતા ઓળખે છે તથા પંચનામાની વિગતે કબ્જે કરેલ પેનડરાઈવ પણ ઓળખે છે. તપાસના કામે ભોગબનનાર ધોરણ – ૬ સુધી ભણેલા હતા તેઓના સ્કુલ છોડયાનો દાખલો તપાસના કામે કબ્જે કરેલ. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોઈ આ ગુનાનું ચાર્જશીટ તેઓએ કરેલ. આરોપી નામ. કોર્ટ માં હાજર છે આરોપીને ઓળખે છે. તેમને આંક –૧૪ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જેની તેઓએ તપાસ કરેલ રૂબરૂ પણામાં તેમની સહી બતાવતા ઓળખે છે. નિ. ૪/૨ સરકારી પંચો ફાળવવા માટે તેઓએ લખેલ યાદી બતાવવામાં આવે છે જેમાં તેમની સહી બતાવતા ઓળખે છે. જે આ કામે આંક–૩૩ થી રજુ કરવામાં આવેલ છે. નિ. ૪/૪ એફ.એસ.એલ. સ્થળ પરિક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. જે આ કામે આંક–૩૪ થી રજુ કરવામાં આવેલ છે. નિ. ૪/૬ ફેરબદલી ફોર્મ બતાવવામાં આવે છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. જે આ કામે આંક–૩૫ થી રજુ કરવામાં આવેલ છે. નિ. ૪/૧૪ ભારાતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ના કાયદાની કલમ ૬૩ (૪–સી) નું પ્રમાણપત્ર વીડીયોગ્રાફી કરનારનું બતાવવામાં આવે છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. જે આ કામે આંક–૩૬ થી રજુ કરવામાં આવેલ છે. નિ. ૪/૧૫ મુદ્દામાલ રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર, નિ. ૪/૧૬ એફ.એસ.એલ ને મળેલ મુદ્દામાલ ની પહોંચ, નિ. ૪/૧૭ મુદ્દામાલ રવાનગી નોંધ તથા સત્તા અંગેનું

પ્રમાણપત્ર, નિ. ૪/૧૮ એફ.એસ.એલ ને મળેલ મુદ્દામાલ ની પહોંચ તથા નિ. ૪/૧૯ ભોગબનનારનું એલ.સી. તથા નિ. ૪/૨૦ મુદ્દામાલ રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર, નિ. ૪/૨૧ એફ.એસ.એલ ને મળેલ મુદ્દામાલ ની પહોંચ નિ. ૪/૨૨ આઈડેન્ટીફીકેશન ફોર્મ ભોગબનનાર તથા તેના નવજાત શીશુંના તથા નિ. ૪/૨૪ ચાર્જશીટ કરવાની મંજુરી આપતો ઇન્ચાર્જ ના. પોલીસ અધિક્ષકનો પત્ર તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. તમામ આ કામે આંક-૩૭ થી આંક-૪૫ સુધીના રજુ કરવામાં આવેલ છે. આંક **૩૦ અને ૩૧** ના સોલા સીવીલ ના પ્રમાણપત્રો તપાસના કામે મેળવી સામેલ રાખેલા તે જ છે તથા નિ. ૪/૯ પુજા પ્રસુતી ગૃહનું સર્ટીફીકેટ તપાસના કામે મેળવી સામેલ રાખેલ તે જ છે. જે આ કામે આંક ૪૬ થી રજુ કરવામાં આવેલ છે. તેમને આંક ૨૨,૨૪,૨૫ અને ૨૯ ના પંચનામા બતાવવામાં આવે છે જે પંચોના લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલા જેમાં દરેકમાં રૂબરૂ પણામાં તેમની સહી બતાવતા ઓળખે છે તેઓએ સાહેદ ભોગબનનારનું તેઓ રૂબરૂ માં તા. ૧૨/૦૭/૨૦૨૫ ના રોજ નિવેદન નોંધેલ તેઓ રૂબરૂ માં તેમણે લખાવેલ કે, '' આજથી આશરે ૮ માસ પહેલા ડીસેમ્બર મહીનામાં હું એકલી બાવળની ઝાડીમાં કુદરતી હાજતે ગયેલી. તે સમયે અમારા ગામનો કમલેશજી સોનાજી ઠાકોર પાછળથી આવેલો અને મને પાછળથી પકડી રાખેલી અને મારી સાથે ખબરા કામ કરવા કહેલ. મેં ના કહેતા કમલેશે મને જબર જસ્તી કરી જમીન પર નીચે પાડી દઈ મારા કપડા કાઢી જમીન પર નીચે પાડી લઈ મો દબાવી મારી સાથે બળજબરી કરી દુષ્કર્મ કરેલ. ત્યાર બાદ હું ધરે આવેલ પણ બીકના લીધે મેં આ વાત કોઇને કરેલ નહી. તા. ૯/૭/૨૫ ના રોજ મને પેટમાં વધુ પડતો દુખાવો થતા અને પેટ વધુ ફુલી જતા મારી માતા લીલાબેન અને ફઈની દીકરી અકીબેન સાથે પુજા હોસ્પીટલ ગયેલા. ડોકટરે મારી તપાસણી કરી મારા પેટમાં ૮ માસનો ગર્ભ છે તેમ જણાવેલું. ડોકટરને સાચી હકીકત મારી માતાએ જણાવેલી. જે બાબતે મારી માતાને જાણ થતા મારી માતાએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. મારી માતાએ દેત્રોજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ આપ્યા બાદ મારી પોલીસે સીવીલ હોસ્પીટલ સોલા ખાતે તપાસણી અને સોનોગ્રાફી કરાવેલી. મેં પોલીસ માં લખાવેલ છે કે મારી વય હાલમાં સગીર વયની હોઈ અને ભવિષ્ય માં બાળકની જવાબદારી નિભાવી શકું તેમ ન હોય મારે હાલમાં જે ગર્ભ છે તે રાખી બાળકને જન્મ આપવમાં આવે તો બાળકનું ભવિષ્ય નહી રહે અને મારી તથા બાળકની સમાજમાં બદનામી થશે. મેં પોલીસમાં એવું પણ લખાવેલ છે કે મારા લગ્ન હજુ સુધી થયેલા નથી અને મને કોઇ સ્વીકારશે પણ નહી. મને આ ગર્ભ કમલેશજી સોનાજી ઠાકોર સાથે સબંધ બાંધવાથી રહેલો છે. આ ગર્ભ નો નિકાલ કરવા માટે મારા પરિવાર તરફથી કોઇ ધમકી આપવામાં આવેલ નથી અને હું મારી મરજીથી આ ગર્ભ કઢાવવા માંગું છું. ઉચ્ચ ન્યાયાલયના હુકમ અને મંજુરીથી મારા ગર્ભનો નિકાલ સોલા સીવીલ હોસ્પીટલ ખાતે નિષ્ણાંત ડોકટરોની હાજરીમાં સફળતા પુર્વક મારા ગર્ભ

નો નિકાલ કરવામાં આવેલ'' તેઓએ સાહેદ ભોગબનનારની માતા લીલાબેન બળદેવજી ઠાકોરનું તેમના રૂબરૂમાં તા. ૧૨/૦૭/૨૦૨૫ ના રોજ નિવેદન નોંધેલ તેઓ રૂબરૂમાં તેમણે લખાવેલ કે, '' ફરીયાદના બે ત્રણ દીવસ પહેલા મારી ભોગબનનાર દીકરી ઘરે હાજર હતી તે સમયે મને તેણે જણાવેલ કે પેટમાં દુખે છે અને દુખાવો વધી રહેલ છે. જેથી મેં મારી દીકરી નું પટે જોયેલું અને મને તેનું પેટ ફુલી ગયેલું જણાયેલું. છેલ્લે માસીક કયારે આવેલ તે મેં તેને પુછેલ અને છેલ્લા સાત માસથી માસીક આવેલ નથી તેવું મારી ભોગબબનાર દીકરીએ જણાવેલ. જેથી મને શંકા ગયેલ કે તેને ગર્ભ રહેલ છે. જેથી હું તથા મારી ભત્રીજી અંકીબેન કડી ખાતે પુજા હોસ્પીટલમાં મારી દીકરીને ડોકટરને બતાવવમા ગયેલા. ડોકટરે અમોને જણાવેલ કે તમારી દીકરી ને આઠ માસનો ગર્ભ છે. ત્યાર બાદ મારી દીકરીને મેં પુછપરછ કરતા તેણે મને જણાવેલ કે આજથી આઠ માસ પહેલા બપોરના ૪ વાગ્યના સુમારે હું બાવળની ઝાડીમાં એકલી કુદરતી હાજતે ગયેલી ત્યારે કમલેશ સોનાજી ઠાકોર મારી પાછળ આવેલો અને મને પાછળથી પકડી રાખેલ અને મને શરીર સબંધ બાંધવા કહેલ. મારી દીકરી એ શરીર સબંધ માટે ના કહેતા કમલેશે જબરજસ્તી કરી તેની સાથે દુષ્કર્મ કરેલ. મારી દીકરી તે સમયે ૧૭ વર્ષ ૧ માસની હતી. આ બાબતે પોલીસમાં મેં ફરીયાદ લખાવેલી. ફરીયાદ દાખલ કરયા બાદ ડોકટરો પાસે મારી દીકરી સાથે જવાનું થયેલું. મારી દીકરી સગીર વયની કોઇ અમોએ તથા મારી દીકરી એ તથા અમારા પરિવારે ગર્ભનો નિકાલ કરવાનું નકકી કરેલું. ઉચ્ચ અદાલતના હુકમ દવારા નિષ્ણાંત ડોકટરોની દેખરેખ હેઠળ સોલા સીવીલ હોસ્પીટલ ખાતે મારી ભોગબનનાર દીકરીના ગર્ભનલ નિકાલ કરવામાં આવેલો'' તેઓએ સાહેદ રોહીતજી બળદેવજી ઠાકોરનું તેમના રૂબરૂમાં તા. ૧૩/૦૭/૨૦૨૫ ના રોજ નિવેદન નોંધેલ તેઓ રૂબરૂમાં તેમણે લખાવેલ કે, '' તા. ૯/૭/૨૫ ના રોજ મારી ભોગબનનાર બેનને પેટમાં દુખાવો થતા મારી માતા તથા મારા ફોઇની દીકરી અંકીબેન પુજા હોસ્પીટલ ખાતે કડી ખાતે બતાવવા ગયેલા. મારી માતા તથા મારી બેન તથા મારી માતા પરત આવ્યા બાદ હું ધરે હતો ત્યારે મારી માતાએ મને જણાવેલ કે તારી બેન ગર્ભવતી છે તેને આઠ માસનો ગર્ભ છે. મારી માતાએ તથા મેં મારી બેનને પુછેલ કે તારી સાથે આવું ખરાબ કામ કોને કરેલ છે. ત્યારે મારી બેને જણાવેલ કે આજથી આઠેક માસ પહેલા સાંજે ચાર વાગ્યે બાળની ઝાડીમાં કુદરતી હાજતે ગયેલ ત્યારે આપણા ગામનો આપણા વાસમાં રહેતો કમલેશજી સોનાજી ઠાકોર ત્યાં પાછળથી આવેલો અને મને પાછળથી પકડી રાખી શરીર સબંધ બાંધવા કહેલું. મારી બહેને સબંધ રાખવાની ના પાડતા કમલેશે બળજબરી કરી તેને પાડી લઇ તેની સાથે દષ્કર્મ કરેલ હતું અને થોડા માસ બાદ તેના કારણે કારી બેનને ગર્ભ રહેવા પામેલો. મારી ભોગબબનાર બહેને બીકના કારણે ઘરમાં કોઇને આ વાતા કરેલી નહી '' તેઓએ સાહેદ સંગીતાબેન રમેશજી ઠાકોરનું તેમના રૂબરૂમાં તા. ૧૩/૦૭/૨૦૨૫ ના રોજ નિવેદન

નોંધેલ તેઓ રૂબરૂમાં તેમણે લખાવેલ કે, '' હું તા. ૯/૭/૨૫ ના રોજ સવારે કુકવાવ ગામે મારા મામા બળદેવજી ઠાકોર બીમાર હોઈ તેઓની ખબર કાઢવા આવેલ. તે સમયે મારા મારી લીલાબેને ભોગબનનાર ને પેટમાં દખાવો રહે છે અને પેટ કુલી ગયેલ છે જેથી ડોકટરને બતાવવાનું છુ તેવું મેં જાણેલું. કડી ખાતે પુજા હોસ્પીટલ હું મારી મામી તથા ભોગબનનાર સાથે પુજા હોસ્પીટલ ખાતે ગયેલી. હોસ્પીટલના ડોકટર દ્યવારા અમો બધાએ લીલાબેન ની દીકરી ગર્ભવતી છે તેવું જાણેલું. ત્યાર બાદ મારા મામી લીલાબેને આ બાબતે પુછેલ જેથી તેમની ભોગબનનાર દીકરીએ તેની માતાને જણાવેલ કે આશરે આઠ માસ પહેલા ડીસેમ્બર મહીનામાં આશરે સાંજના ૪ વાગ્યે ભોગબનનાર પોતે કુદરતી હાજતે ગયેલા ત્યારે ખરાબામાં બાવળની ઝાડીમાં આરોપી કમલેશ સોનાજી ઠાકોર ભોગબબનાર પાછળ આવેલી. તેને ભોગબનનારને શરીરસબંધ બાંધવાનું કહેલ તે સમયે ભોગબનનારે ના કહેલ હતી તેમ છતા આરોપીએ ભોગબનનાર સાથે શરીર સબંધ બળજબરીથી બાંધેલ. ભોગબનનારે ડરના કારણે આવા બનેલ બનાવની વાત મારા મામી લીલાબહેનને કરેલ નહી. મારા મામી ની દીકરી ભોગબનનાર ની ઉંમર ૧૭ વરસ એક માસની હતી.

તપાસ કરનાર અધિકારી બચાવ પક્ષે થયેલ તેઓની ઊલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારનો જન્મનો દાખલો રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે, એલ.સી. રજુ કરેલ છે. તપાસના કામે ભોગ બનનારના પિતા તથા અંગત સગા સંબંધીઓના નિવેદનો લીધેલા નથી. સાહેદ જણાવે છે કે માતા અને ભાઈનું નિવેદન લીધેલ છે. તપાસના કામે ડૉ.શ્રી ઓના નિવેદનો લીધેલા નથી. ડૉ. તપાસણી ભોગ બનનાર અને આરોપીને મેડી. તપાસણી માટે મોકલેલ તે યાદીમાં કેસની વિગતો જણાવેલી. તપાસના કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી.

**<u>તપાસ કરનાર અધિકારીના પુરાવાનું વિશ્લેષણ:</u>**

તપાસ કરનાર અધિકારીની જુબાની ધ્યાને લેતાં તેઓએ પંચનામાઓ કરેલાં, નિવેદનો મેળવેલા, F.S.L.માં મુદ્દામાલ મોકલી આપેલાં. ભોગ બનનારનુ એલ.સી. તથા એફ.એસ.એલ.ને મળેલ મુદ્દામાલની પહોંચ, મુદ્દામાલ રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર તપાસના કામે સામેલ રાખેલ હોવાની હકીકત જણાવે છે. જ્યારે સદર ત.ક.અમલદાર તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ભોગ બનનારનો જન્મનો દાખલો રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે, એલ.સી. રજુ કરેલ છે. તપાસના કામે ભોગ બનનારના પિતા

તથા અંગત સગા સંબંધીઓના નિવેદનો લીધેલા નથી. સાહેદ જણાવે છે કે માતા અને ભાઈનું નિવેદન લીધેલ છે. તપાસના કામે ડાૅ.શ્રી ઓના નિવેદનો લીધેલા નથી. ડાૅ. તપાસણી ભોગ બનનાર અને આરોપીને મેડી. તપાસણી માટે મોકલેલ તે ચાદીમાં કેસની વિગતો જણાવેલી. તપાસના કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આમ, આ કામના તપાસ કરનાર અધિકારીની સમગ્ર જુબાની જોતાં તેઓ સમગ્ર તપાસની હકીકતોને સમર્થન આપે છે, પરંતુ ફરિયાદ પક્ષ દ્વારા જે ભોગ બનનાર તથા તેના સગા સંબંધી ફરિયાદ હકીકતને સમર્થન આપતાં નથી. જે સંજોગોમાં તપાસ કરનાર અધિકારીની જુબાની જોતાં આરોપીને સજા કરી શકાય તેવો લેશમાત્ર પુરાવો જણાતો નથી.

**(૨૧)** આ કામના આરોપી સામે પોકસો એકટ તેમજ બી.એન.એસ.ની જોગવાઈ અન્વયે ગુન્હો નોંધાયેલા છે. પોકસો એકટની કલમ–૨ (ડી) અન્વયે બાળકની વ્યાખ્યા કરવામાં આવેલ છે, જેમાં કોઈપણ વ્યકિત જે ૧૮ વર્ષથી ઓછી ઉંમર ધરાવતી હોય તે વ્યકિતને બાળક ગણાય છે. જે સંજોગોમાં જયાં સુધી ભોગ બનનાર ૧૮ વર્ષથી ઓછી ઉંમરની હતી તેવું ફરિયાદ પક્ષ સાબિત ન કરે ત્યાં સુધી પોકસો એકટની જોગવાઈઓ લાગુ પાડી શકાય નહીં. તેથી પ્રથમ ભોગ બનનાર બનાવ સમયે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની હતી તે પ્રસ્થાપિત થવું જરુરી છે. જે અંગે રજુ કરવામાં આવેલ આંક–૧૨ વાળુ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ ભોગ બનનારનું નિવેદન તેમજ આંક–૧૪ વાળી ફરીયાદ તથા આંક–૪૧ વાળુ ભોગ બનનારનુ સકુલ લીંવીંગ સર્ટીફીકેટ ધ્યાને લેતાં ભોગ બનનારની ઉંમર બનાવ સમયે ૧૮ વર્ષથી ઓછી હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

**(૨૧)** આ કામે ભોગ બનનારને તથા તેના કુટુંબના સભ્યોને ઉપર ચર્ચા કર્યા મુજબની જુબાનીઓ ધ્યાને લેતાં ભોગ બનનાર તથા તેના કુટુંબના વ્યકિતઓ જેમાં ફરીયાદી તેઓની ફરીયાદ હકીકતને સમર્થનકારક હકીકત તેમના પુરાવામાં જણાવતા ન હોઈ તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓએ જણાવેલ છે કે, તેમની ભોગ બનનાર દીકરીએ તેઓને કોઈએ તેની સાથે ખરાબ કામ કરેલ છે તેવુ જણાવેલ નહી, ડોકટર પાસેથી પણ તેમની દીકરી ગર્ભવતી થયેલ છે તેવુ જાણ્યા બાદ તેઓએ પોલીસમાં ફરીયાદ લખાવેલ હોય તેવુ બનેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં, ફરીયાદ તેમના સગા સંબંધીઓ અને ગામના લોકોએ ભેગા થઈ લખાવેલી હોવાની હકીકત પ્રસ્થાપિત થાય છે. આમ

જયારે ફરિયાદ પક્ષે તપાસેલા કોઈપણ સાહેદો આ કામના આરોપી ભોગ બનનારને બળજબરીથી લઈ ગયેલા હોય અને આરોપી ધ્વારા ભોગ બનનાર પ્રેગનન્ટ થયેલ હોય તેવું જણાવતા ન હોય ત્યારે આરોપીએ ભોગ બનનારનું અપહરણ કરેલ હોય અને તેણીને પ્રેગનન્ટ કરેલ હોય તેવું પ્રસ્થાપિત થતું નથી. તેમજ ભોગ બનનાર ખુદ પોતાની જુબાનીમાં એવું જણાવતા હોય કે ,આજથી આઠ માસ પહેલા તેઓ કુકવાવ ગામે ઘરે કુદરતી હાજતે બાવળની ઝાડીમાં ગયેલી. ત્યારે તેમની સાથે કોઈ ઈસમે ખરાબ વર્તન કરી તેમની સાથે દુષ્કર્મ કરેલ હોય તેવુ બનેલ નહી. તેમને આવા કોઈ ઈસમને અવાર નવાર મળવાનું થતુ નહી. આવા કોઈ ઈસમનું તેઓએ નામ સરનામુ જાણેલુ નહી. આરોપીને ઓળખતી નથી. પોલીસે તેમની પુછપરછ કરેલ હોય તેવુ તેમને હાલ યાદ નથી. પોલીસ સીવાય અન્ય કોઈ જગ્યાએ તેમને જવાનું થયેલ હોય અને ત્યાં કોઈ સાહેબે તેમની પુછપરછ કરી અંગુઠો કે સહી કરાવેલ હોય તેવુ યાદ નથી. પોલીસે તેમના કોઈ કપડા કબ્જે લીધેલ હોય તેવુ બનેલુ નહી. પોલીસ તેમને ડોકટર પાસે લઈ ગયેલી. ડોકટરે તેમની પુછપરછ કરેલી. બનાવ બાબતે તેમની માતાએ ફરીયાદ લખાવેલી તેવુ પાછળથી તેઓએ જાણેલ. તેમને સીલબંધ ખાખી કવર તોડીને તેમાંથી બી.એન.એસ.કલમ–૧ ૮૩ મુજબનું નિવેદન બતાવવામાં આવે છે. જેના દરેક પાના ઉપર તેમનો અંગુઠો કરેલો છે. જે આ કામે આંક–૧૨ થી રજુ કરવામાં આવેલ છે. હાલમાં તેઓ એકદમ સ્વસ્થ અને તંદુરસ્ત છે. તેમને શારીરીક કોઈ તકલીફ નથી. વધુમાં ભોગ બનનારે તેઓની બચાવ પક્ષે થયેલ ઊલટ તપાસમાં, પોલીસે કોઈ તેમની પુછપરછ કરેલ હોય કે તેઓએ પોલીસને કાંઈ લખાવેલ હોય તેવુ બનેલ નહી. તેમની ઉંમર હાલમાં ૨૦ વર્ષની છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણી સાથે આરોપીએ કોઈપણ સમયે તેમની મરજીથી કે તેણીની મરજી વિરુધ્ધ બળજબરી કરેલ હોય કે સંમતિથી શારીરીક સંબંધ બાંધેલ હોય કે બળાત્કાર કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ તેમની સાથે કોઈપણ ખરાબ બનાવ બનેલ તેવી કોઈ હકીકત તેમની માતાને જણાવેલ નથી. તેઓએ ડોકટર પાસે કોઈ હીસ્ટ્રી લખાવેલ નથી તેમજ તેઓએ મેજી.રૂબરૂ પોલીસના જણાવ્યા મુજબની વિગતો લખાવેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી તેમની સાથે કોઈ શારીરીક સંબંધ બાંધેલ નથી કે આરોપી ધ્વારા કોઈ ગર્ભ રહેલ નથી. આરોપીએ તેમની સાથે તેમની ઈચ્છા વિરુધ્ધ કે સંમતીથી કોઈ દુષ્કર્મ કરેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, ભોગ બનનારની તથા

અન્ય રેકર્ડ પરના સાહેદોની જુબાની તથા મેડીકલ પેપર્સ તથા એફ.એસ.એલ.નો બાયોલોજી અને સીરોલોજી પૃથ્થકરણ પરીણામ પણ જોતાં જયારે ફરીયાદ પક્ષ આરોપી સામે હાલના ગુનામાં સંડોવતો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી ત્યારે આરોપીએ ભોગ બનનાર ઉપર બળાત્કાર ગુજાર્યો હોય તેવું માની શકાય નહીં. આમ, અગાઉ ચર્ચા કર્યા મુજબ બળજબરીપૂર્વક ભોગ બનનારની મરજી વિરુધ્ધ કે બી.એન.એસ.ની કલમ–૬૩ ની વ્યાખ્યામાં આવે તેવી રીતે થયેલ હોય તેવું પ્રસ્થાપિત થતું નથી.

**(૨૩)** જેથી આ કામે ભોગ બનનાર ઉપર આરોપીએ બળાત્કાર ગુજાર્યો હોય તે મુજબનો પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં, ભોગ બનનારને આરોપી ધ્વારા પ્રેગનન્ટ કરવામાં આવેલ હોવાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તે મુજબ ફરિયાદ પક્ષ ધ્વારા આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(આઈ), ૭૫(i)(ii), ૭૫(૨), ૭૬ તથા પોક્સો એક્ટની કલમ–૪, ૫(જે)(૨), ૬, ૮,૧૨ મુજબનો કોઈ પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ રહેલ છે.

**(૨૪)** આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબની આરોપી વિરુદ્ધ, આ કામના આરોપીએ તા. ૧૨/૦૭/૨૦૨૫ થી આશરે આઠેક મહીના પહેલા ડીસેમ્બર–૨૦૨૪ માં બપોરનાં આશરે ચારેક વાગ્યાના સુમારે મોજે કુકવાવ ગામે આવેલ રડુ નામના ખરાબામાં બાવળની ઝાડીઓમાં આ કામના ફરીયાદીની દીકરી ભોગ બનનાર નાઓને બળજબરી પૂર્વક તેની મરજી વિરુધ્ધ શારીરીક અડપલા કરી તેણીની સાથે શારીરીક સંબંધ બાંધી તેણીનીને ગર્ભ રાખી દઈ ડોકટરી તપાસણીમાં આશરે આઠ મહીનાનો ગર્ભ માલુમ થયેલ હોય તેમજ ફરીયાદીની દીકરીનું જાતીય શોષણ કરી ગુનો કરી, આરોપીએ બી.એન.એસ.ની કલમ– ૬૪(૨)(આઈ), ૭૫(i)(ii), ૭૫(૨), ૭૬ તથા પોક્સો એક્ટની કલમ–૪, ૫(જે)(૨), ૬, ૮,૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષ નિ:શંકપણે અને સક્ષમ, સબળ પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રજૂ થયેલો નથી. વધુમાં, જે પુરાવો રજૂ થયેલો છે તેનાથી ફરિયાદની હકીકતે શંકા ઉપસ્થિત થાય છે. જે સંજોગોમાં ઉપરોક્ત કરેલ ચર્ચાના આધારે મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨</u>**

**(૨૫)** ઉપરોક્ત તમામ હકીકતો લક્ષ્યમાં લેતાં ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધનો કેસ સાબિત કરવામાં સંપૂર્ણ રીતે નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપેલ હોય અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવું છું.

**– : : આખરી હુકમ : : –**

**(૧)** આ કામના આરોપી **કમલેશજી સોનાજી ઠાકોર** નાઓએ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૩૫ (૧) અન્વયે બી.એન.એસ.નીકલમ–૬૪(૨)(આઈ),૭૫(i)(ii), ૭૫(૨), ૭૬ તથા પોક્સો એક્ટની કલમ–૪, ૫(જે)(૨), ૬, ૮,૧૨ મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૪૩૭(એ) હેઠળ નામ.કોર્ટ સમક્ષ હાજર થવા માટે રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)ના જામીન રજૂ કરવા.

**(૩)** આ કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવો.

હુકમ આજ **તા.૦૬ઠ્ઠી, માંહે–મે, સને–૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૬/૦૫/૨૦૨૬
વિરમગામ

**( એચ. એ. ઉપાધ્યાય )**
છઠ્ઠાં એડિ. ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ,
તા.વિરમગામ, જિ.અમદાવાદ.
UID NO. GJ.00635

prchavda
p.a.